For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

'નો રિપીટ' થિયરી અને વય મર્યાદાના કડક માપદંડો સાથે

# ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠક શરૂ, અનેક દાવેદારનાં પત્તાં કપાશે

**તા.7-8** એપ્રિલના રોજ પંચાયતો અને નગરપાલિકાના ઉમેદવારોનાં નામો પર ચર્ચા થશે

**તા.9મી** એપ્રિલે મહાપાલિકાના ઉમેદવારોનાં નામો પર અંતિમ મહોર મારવામાં આવશે

### સંગઠનના હોદ્દેદારોને ટિકિટ મુદ્દે પાર્ટીનો યુ-ટર્ન, હવે ટિકિટ આપશે

અગાઉ લેવામાં આવેલા એક મહત્વના નિર્ણયમાં પક્ષે ફેરફાર કર્યો છે. પહેલા એવું નક્કી કરાયું હતું કે પક્ષના હોદ્દેદારો ચૂંટણી લડી શકશે નહીં, પરંતુ હવે નવી જાહેરાત મુજબ પક્ષના હોદ્દેદારોને ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયથી સંગઠનમાં સક્રિય એવા અનેક સ્થાનિક નેતાઓમાં ખુશીની લહેર જોવા મળી છે.

ગાંધીનગર: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવારોની પસંદગી માટે મંથન શરૂ કર્યું છે. આજથી ગાંધીનગરમાં શરૂ થયેલી ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડની મહત્વપૂર્ણ બેઠકમાં ટિકિટ વિતરણને લઈને કેટલાક કડક અને ચોંકાવનારા માપદંડો નક્કી કરવામાં આવ્યા છે, જેના કારણે અનેક દિગ્ગજોના પત્તા કપાય તેવી શક્યતા છે. ભાજપના આ કડક વલણથી સ્પષ્ટ થાય છે કે પાર્ટી આગામી ચૂંટણીમાં એન્ટી-ઈન્કમ્બન્સી રોકવા અને વંશવાદને નાબૂદ કરવા માટે મક્કમ છે. વય મર્યાદા અને ટર્મ લિમિટના નિયમોને કારણે જૂના જોગીઓ માટે રસ્તો બંધ થયો છે, જ્યારે ઉત્સાહી અને નવા યુવા ચહેરાઓ માટે રાજકારણના દ્વાર ખુલ્યા છે. પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ

...અનુસંધાન પાના 5 પર

# અવિશ્વાસ?: સુરતમાં દાવેદારી કરનાર તમામનું લિસ્ટ મંગાવાયું

**ભાજપમાં** નિરીક્ષકોના સેન્સ બાદ મળેલી સંકલનની મીટિંગમાં અનેક દાવેદારો કપાઈ ગયા હતા

**પાર્લામેન્ટ્રી** બોર્ડ દ્વારા સ્થાનિક સ્તરેથી મોકલાયેલી પેનલમાં અનેક ફેરફારો થાય તેવી સંભાવના

### સુરત મનપા માટે ભાજપ પાર્લામેન્ટ્રી બોર્ડ 9મી તારીખે ચર્ચા કરશે

ભાજપની પાર્લામેન્ટરી બોર્ડ ત્રણ દિવસ ચાલનાર છે. જેમાં સુરત મનપા માટે 9મી તારીખે ચર્ચા કરાયા બાદ નામો ફાયનલ કરાય તેવી શક્યતા છે. ઉંદેવારી કરવાનો છેલ્લો દિવસ 11 મી એપ્રિલ હોવાથી 9 મી તારીખે રાત્રે નામો જાહેર થાય અને સવારે જ જાહેર થયેલા ઉમેદવારો ફોર્મ ભરી દે તો ટીકીટ થી વંચીત કાર્યકરોને ચુ કે ચા કરવાનો સમય ના મળે તે માટે આ પ્લાનિંગ કરાયું હોવાનું ચર્ચાઇ રહ્યુ છે.

સુરત : સુરતમાં નિરીક્ષકો સમક્ષ દાવેદારી થઇ ગયા બાદ મળેલી સંકલન મીટિંગમાં વોર્ડ દીઠ જે ત્રણ ત્રણ પેનલો બનાવાઇ હતી તેને બદલે પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા તમામ દાવેદારોની યાદી મંગાવી હોવાની ચર્ચાથી ભાજપના વર્તુળોમાં ગરમાટો આવ્યો છે. સુરત શહેર ભાજપ દ્વારા ગાંધીનગર મોકલવામાં આવેલ યાદી બાબતે પાર્લામેન્ટરી બોર્ડમાં કોઇ સંશય ઉભો થયો હોય કે પછી બોર્ડ તમામ દાવેદારો પર નજર નાંખવા માંગતી હોય તેમ રાતોરાત બોર્ડ દ્વારા સેન્સ પ્રક્રિયામાં ભાગ લેનાર તમામ દાવેદારોની નવેસરથી સંપૂર્ણ યાદી મોકલવાની ફરમાન કરાયું હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે.

સુરતમાં ભાજપના ગઢ ગણાતા વિસ્તારમાં આગામી મહાનગરપાલિકા માટે ઉમેદવારોનો મોટા પાયે રાફડો ફાડ્યો હતો. વર્તમાન અને ભૂતપૂર્વ કોર્પોરેટર, નેતાઓ અને કાર્યકરો સહિત 30 વોર્ડ માટે 2000થી વધુ ટિકીટવાંચ્છુઓ દ્વારા નિરીક્ષકો સમક્ષ દાવેદારી કરવામાં આવી હતી. સેન્સ પ્રક્રિયા દરમિયાન નિરીક્ષકો પણ દાવેદારોની સંખ્યા જોઈને ચકિત રહ્યા હતા. પ્રદેશ મહામંત્રી અને સુરત શહેર પ્રભારી

...અનુસંધાન પાના 5 પર

### તિથલના દરિયાકિનારે જેલી ફિશ સાથે વિચિત્ર માછલી તણાઈ આવી



વલસાડના પ્રખ્યાત પ્રવાસન સ્થળ તિથલના દરિયા કિનારે સમુદ્રી જીવો તણાઈ આવવાની ઘટનાઓ અવારનવાર બનતી રહે છે. સામાન્ય રીતે અહીં દરિયાઈ મોજાંની સાથે જેલી ફિશ કિનારા પર આવી જતી હોય છે, જે પ્રવાસીઓ માટે આકર્ષણ અને કુતૂહલનો વિષય બને છે. જોકે, આ વખતે દરિયાના મોજાં સાથે જેલી ફિશની સાથોસાથ એક અત્યંત અનોખી અને વિચિત્ર દેખાતી માછલી પણ કિનારા પર તણાઈ આવી હતી. આ અજાણ્યા સમુદ્રી જીવને જોવા માટે સ્થાનિકો અને પ્રવાસીઓમાં ભારે ઉત્સુકતા જોવા મળી હતી. દરિયાઈ જીવસૃષ્ટિમાં આવતા આ ફેરફારો પર્યાવરણ પ્રેમીઓ માટે પણ અભ્યાસનો વિષય બન્યા છે.

ચૂંટણી આવતી સુરત ટેક્સટાઈલ બજારમાં ધમધમાટ લાવી

# પ્રચાર સામગ્રી, તિરંગાના ઓર્ડર, 150 કરોડના કારોબારની આશા

**ખેસ,** ટોપી, ઝંડા અને સાડી જેવી પ્રચાર સામગ્રીના મોટા પાયે ઓર્ડર

**અન્ય** રાજ્યોમાં પણ ચૂંટણી, સુરતને ઝંડા અને બેનરના મોટા ઓર્ડર



સુરત: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ વાગી રહ્યા છે ત્યારે સુરતનાં કાપડ માર્કેટ પ્રચાર પ્રસારની ચીજવસ્તુઓથી ઉભરાઈ રહ્યું છે. રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી જીતવા માટે ખેસ, ટોપી, ઝંડા અને સાડી જેવી પ્રચાર સામગ્રીના મોટા પાયે ઓર્ડર આપવામાં આવતા વેપારીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પ્રચાર સામગ્રીના ઉત્પાદક પ્રવીણભાઈના જણાવ્યા અનુસાર, માત્ર ગુજરાત જ નહીં પરંતુ અન્ય રાજ્યોની ચૂંટણીઓને કારણે પણ સુરતને ઝંડા અને બેનરના મોટા ઓર્ડર મળી રહ્યા છે.

સુરત ટેક્સટાઈલ માર્કેટમાં કપડાનાં એક વ્યાપારીએ જણાવ્યું હતુ કે, આ વર્ષે ખાસ વાત એ છે કે વિવિધ પક્ષો પોતાના પક્ષના ચિન્હોની સાથે સાથે રાષ્ટ્રધ્વજ એટલે કે તિરંગાની પણ મોટા પ્રમાણમાં માંગ કરી રહ્યા છે, જે દેશભક્તિના વધતા વ્યાપને દર્શાવે છે.એક અંદાજ મુજબ આ ચૂંટણી સીઝન દરમિયાન પ્રચાર સામગ્રીનો કુલ વેપાર 100 થી 150 કરોડ સુધી પહોંચવાની સંભાવના છે,

...અનુસંધાન પાના 5 પર

# વાઘેચામાં નદીમાં નાહવા પડેલા સુરતના બે યુવકનાં ડૂબી જતાં મોત

**પુણા**-વરાછાથી મહાદેવ મંદિરે દર્શને આવ્યા હતા, એક યુવકને મિત્રએ ખેંચી લેતાં બચી ગયો

બારડોલી: સુરતથી રવિવારની રજા માણવા નીકળેલા પાંચ મિત્રો માટે વાઘેચાનું પ્રવાસન સ્થળ કાળમુખું સાબિત થયું છે. બારડોલી તાલુકાના વાઘેચા ગામે આવેલ પ્રસિદ્ધ મહાદેવ મંદિરની પાછળ વહેતી તાપી નદીમાં નાહવા ઉતરેલા સુરતના બે યુવકના ઊંડા પાણીમાં ગરકાવ થઈ જવાથી કરુણ મોત નીપજ્યાં છે. આ ઘટનાને પગલે મૃતક યુવકોના પરિવારજનોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

ઘટનાની વિગત મુજબ, સુરતના પુણા અને વરાછા વિસ્તારમાં રહેતા વિશાલભાઈ સોલંકી, તેમના ભાઈ સુનિલભાઈ, રાહુલભાઈ આંબલીયા, સુમિતભાઈ ખેબલીયા અને ગૌતમભાઈ ડાભી એમ પાંચ મિત્રો બે મોટરસાઈકલ પર સવાર થઈ રવિવારે સાંજે વાઘેચા ગામે મહાદેવ મંદિરના દર્શનાર્થે આવ્યા હતા. સાંજે આશરે સાડા ચાર વાગ્યાના સુમારે તેઓ મંદિરના પાછળના ભાગે તાપી નદીના કિનારે પહોંચ્યા હતા. વિશાલભાઈ મિત્રોના સામાનની દેખરેખ માટે કિનારે બેઠા હતા, જ્યારે બાકીના મિત્રો નદીમાં નાહવા માટે ઉતર્યા હતા.

સાંજે આશરે સાડા પાંચ વાગ્યાની આસપાસ નદીમાં નાહતી વખતે અચાનક પાણીના જોરદાર વહેણને કારણે ગૌતમ, રાહુલ અને સુમિત ખેંચાવા લાગ્યા હતા. ત્યાં હાજર અન્ય મિત્ર રાજ પરમારે તુરંત સતર્કતા દાખવી ગૌતમને પાણીમાંથી ખેંચી બચાવી લીધો હતો, પરંતુ ૨૬ વર્ષીય રાહુલભાઈ કરમશીભાઈ આંબલીયા અને ૨૫ વર્ષીય સુમિતભાઈ લાલજીભાઈ ખેબલીયા જોતજોતામાં ઊંડા પાણીમાં લાપતા થઈ ગયા હતા.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક તરવૈયાઓ અને ગ્રામજનો મદદે દોડી આવ્યા હતા. મોડી રાત સુધી નદીના પટમાં શોધખોળ હાથ ધરવામાં આવી હતી, પરંતુ અંધારું હોવાથી સફળતા મળી નહોતી. સોમવારની સવારે ફરીથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી, જેમાં સવારે આઠ વાગ્યાની આસપાસ બંને યુવકના મૃતદેહ મળી આવ્યા હતા. બારડોલી રૂરલ પોલીસે આ મામલે અકસ્માતે મોતના ગુનાની નોંધ કરી છે અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હજુ તો જીવનની શરૂઆત કરી રહેલા બે આશાસ્પદ યુવકોના અકાળે અવસાનથી સુરતમાં રહેતા પરિવારો પર આભ તૂટી પડ્યું છે.



# જંબુસરમાં અચાનક વાતાવરણ પલટાયું, ઝાપટાં પડ્યાં

**દરિયા** કાંઠાનાં ગામોમાં ઠંડક, ખેડૂતોને પાક નુકસાનની ચિંતા

ભરૂચ: જંબુસર પંથકમાં મંગળવારે બપોર બાદ હવામાન પલટ્યું હતું. દિવસભરની કડકડતી ગરમી બાદ આકાશમાં ઘેરાં વાદળો છવાઈ જતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. તાલુકાના દરિયા કાંઠાના કાવી, કંબોઇ અને દહેગામ જેવાં ગામોમાં ઝાપટાં પડ્યાં હતાં, જેણે સ્થાનિક વિસ્તારોને હળવી રાહત આપી હતી.

શહેર વિસ્તારના લોકોને આ

...અનુસંધાન પાના 5 પર

# સુરતમાં 14 કિમીની ઝડપે પવન ફુંકાતા ગરમી ઠંડી પડી

**વેસ્ટર્ન** ડિસ્ટર્બન્સથી વાદળછાયું વાતાવરણ, મહત્તમ તાપમાન ૧.૭ ડિગ્રી ઘટીને ૩૧.૮ ડિગ્રી

સુરત: સુરત શહેરમાં આજે હવામાનમાં નોંધપાત્ર બદલાવ જોવા મળ્યો હતો, વાદળછાયા વાતાવરણમાં ગરમીથી પીડાતા નાગરિકોને મોટી રાહત મળી છે. શહેરનું મહત્તમ તાપમાન ૧.૭ ડિગ્રી ઘટીને ૩૧.૮ ડિગ્રી સુધી નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન એક ડિગ્રી વધીને ૨૪.૭ ડિગ્રી પર પહોંચ્યું હતું.

હવામાનમાં આવેલા આ ફેરફારનું મુખ્ય કારણ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ હોવાનું નિષ્ણાતો જણાવી રહ્યા છે. તેના કારણે વાતાવરણમાં ઠંડકનો અહેસાસ થયો હતો અને ગરમીનો તીવ્ર પ્રભાવ ઘટ્યો હતો. આજના

...અનુસંધાન પાના 5 પર

### હથોડા સહિતના પંથકમાં ભારે પવન સાથે માવઠું

હથોડા: માંગરોળ તાલુકાના હથોડા, કીમ ચાર રસ્તા, કોસંબા અને તરસાડી સહિતના પંથકમાં મંગળવારે બપોર બાદ વાતાવરણમાં ઓચિંતા પલટાએ જનજીવન પ્રભાવિત કર્યું હતું. બપોરે ૩થી ૫ વાગ્યાના સમયગાળા દરમિયાન ધૂળની ડમરીઓ સાથે ફુંકાયેલા ભારે પવનને કારણે વાહનચાલકો અને રાહદારીઓ

...અનુસંધાન પાના 5 પર

# 'ગ્રિન્ડર' નામની ગે એપથી મિત્ર બનેલા ઠગોએ યુવકને બોલાવી લૂંટી લીધો

**માર** મારી બદનામ કરવાની ધમકી આપી બેંક ખાતામાંથી 30 હજાર પડાવ્યા

**જહાંગીરપુરા** પોલીસમાં બે લુંટારું વિરુદ્ધ ગુનો દાખલ

સુરત: જહાંગીરપુરામાં રહેતા એક યુવકને 'ગ્રિન્ડર' (Grindr) નામની એપ પર મિત્રતા કેળવી અજાણ્યા શખ્સોએ યુવકને મળવા બોલાવી, ખેતરમાં લઈ જઈ માર માર્યો હતો અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરાવી 30 હજાર પડાવી લીધા હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

મૂળ અમરેલીના બાબરાના વતની અને હાલ જહાંગીરપુરા વિસ્તારમાં રહેતો 26 વર્ષીય યુવક હનીટ્રેપ જેવી લૂંટનો શિકાર બન્યા હતા. ફરિયાદ મુજબ, રાજુ મેર અને નરેશ મારુ નામના બે ઈસમે ગ્રિન્ડર એપ્લિકેશન દ્વારા યુવક સાથે સંપર્ક સાધ્યો હતો. તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ સાંજે આરોપીઓએ યુવકને વાતોમાં ફસાવી જહાંગીરપુરાના રિવાન્ટા વર્ણીની સામે જાહેર રોડ પર મળવા માટે બોલાવ્યો હતો. જ્યાં એક શખ્સ મોટરસાઈકલ પર બેસાડી જહાંગીરપુરા બેંક સર્કલથી આગળ ઘોડા ગરનાળા ફાટક ક્રોસ કરાવી જમણી બાજુએ આવેલા એકાંતવાળા ખેતરમાં લઈ ગયો હતો. ત્યાં અગાઉથી જ તેનો બીજો સાગરીત હાજર હતો. બંનેએ ભેગા મળી યુવકને પકડી પાડ્યો હતો અને તેને ઢોર માર મારી જાનથી મારી નાખવાની તેમજ સમાજમાં બદનામ કરવાની ધમકી આપી હતી. લૂંટારુઓએ યુવક પાસે રહેલી બેંકની તમામ વિગતો કઢાવી લીધી હતી. ડરના માર્યા યુવકે પોતાના એટીએમ કાર્ડ અને પિન નંબર આપવાની ફરજ પડી હતી. આરોપીઓએ તુરંત જ બેંક એકાઉન્ટમાંથી 30,000 રૂપિયા વિડ્રો કરી લીધા હતા અને ત્યાંથી ફરાર થઈ ગયા હતા. યુવકે જહાંગીરપુરા પોલીસમથકમાં રાજુ મેર અને નરેશ મારુ (બંને રહે., છાપરાભાઠા, તાડવાડી) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે લૂંટ અને ધાક-ધમકીનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

આગના કારણે વિશાળ વિસ્તારમાં હવામાં પ્રદૂષણ ફેલાયું

# ખજોદ આગ: GPCBની મનપાને નોટિસ

**મહાનગરપાલિકાએ** 15 દિવસમાં જવાબ નહીં આપતાં દંડાત્મક કડક કાર્યવાહી કરાશે

**સોલિડ** વેસ્ટ મેનેજમેન્ટ નિયમોનો ભંગ, દીપલી ગામ સુધી ધુમાડો અને દુર્ગંધની અસર

સુરત: ખજોદ સ્થિત મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ (MSW) ડમ્પિંગ સાઇટ પર લાગેલી ભીષણ આગ અને

...અનુસંધાન પાના 5 પર

### નિરીક્ષણ દરમિયાન SMCની સામે આવેલી ખામીઓ

- મિશ્ર કચરો ખુલ્લામાં ઢગલાના સ્વરૂપમાં નાંખવામાં આવ્યો હતો
- કચરાની ઊંચાઇ 2થી 5 મીટર સુધી પહોંચી ગઈ હતી
- દૈનિક માટી કવરિંગ કરવામાં આવતું નહોતું
- લીચેટ એકત્રિત કરવાની કોઈ વ્યવસ્થા નહોતી
- કચરાના સંચાલન અને પ્રોસેસિંગના રેકોર્ડ રજૂ કરવામાં આવ્યા નહોતા

### અગાઉ 3 વખત નોટિસ છતાં કોઈ સુધારો નહીં

GPCB દ્વારા 23 ડિસેમ્બર-2025, 7 જાન્યુઆરી-2026 અને 3 ફેબ્રુઆરી-2026ના રોજ પણ નોટિસ આપવામાં આવી હતી. છતાં પણ SMC દ્વારા યોગ્ય કાર્યવાહી ન કરવામાં આવતાં ફરીથી કડક પગલાં લેવા સ્થિતિ ઊભી થઈ છે. જીપીસીબીએ અત્યાર સુધી 3 નોટિસ આ મામલે ફટકારવામાં આવી છે. છતાં કયા રાજકારણીના આશીર્વાદથી બેફામ આ કોન્ટ્રાક્ટર લોકોનાં સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યો છે અને તેની સામે કોઈ કાર્યવાહી થઈ શકી નથી તે ચર્ચાનો વિષય બન્યો છે.

### GPCBએ મનપાને આપેલા નિર્દેશો

- પ્રદૂષણ માટે પર્યાવરણ નુકસાન વળતર (EDC) શા માટે ન વસૂલવું તે અંગે જવાબ માંગ્યો છે.
- legacy waste માટે "રિંગ ફેન્સ એકાઉન્ટ"શરૂ કરવો
- તાત્કાલિક કચરો સળગવાનું બંધ કરવું
- લીચેટના વહેતા પાણીને રોકવાની વ્યવસ્થા કરવી
- સમયમર્યાદિત એક્શન પ્લાન સાથે બજેટ રજૂ કરવું
- ઓક્ટોબર-2026 સુધીમાં legacy wasteનું સંપૂર્ણ પ્રોસેસિંગ કરવું
- પ્રદૂષિત પાણી દૂર કરવું


દુઃખદ અવસાન - બેસણું



સ્વ. મંજુલાબેન ઠાકોરભાઈ હજીરાવાલા
સ્વ.તા. ૦૭/૦૪/૨૦૨૬
અમારા માતૃશ્રી સ્વ. મંજુલાબેન ઠાકોરભાઈ હજીરાવાલાનો સ્વર્ગવાસ તારીખ ૦૭/૦૪/૨૦૨૬, મંગળવારના રોજ થયેલ છે.
: સદ્‌ગતની પ્રાર્થના સભા :
તારીખ : ૦૯/૦૪/૨૦૨૬ ગુરુવાર | સમય : સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦ કલાકે રાખેલ છે.
પ્રાર્થના સભા સ્થળ : આદર્શ ભવન, આદર્શ સોસાયટી, SMC સાઉથ વેસ્ટ ઝોન કચેરી નજીક, અઠવાલાઇન્સ, સુરત.
લિ. નિમિષ હજીરાવાલા, ડૉ મીતા હજીરાવાલા, મનિષ હજીરાવાલા, ડો ચંદ્રા હજીરાવાલા
લવ, મોનિકા, રિષી, લય, એવા, આર્યા અને સમગ્ર હજીરાવાલા પરિવાર.

ત્રીજી પૂણ્યતિથિએ શ્રધાંજલિ
સ્વર્ગવાસ તારીખ ૦૮/૦૪/૨૦૨૩
મારા ધર્મપત્ની અને અમારા માતૃશ્રી



અ.સૌ. મીનાક્ષીબેન ઈન્દ્રવદન શેતરંજીવાલા
સમયને જતા ક્યાં વાર લાગે છે. જોત જોતામાં ત્રણ વર્ષ પૂરા થઈ ગયાં. છતાં લાગતું નથી કે તમારું અસ્તિત્વ નથી. જીવન નશ્વર છે. આત્મા અમર છે. કોણ ક્યારે વિદાય લેશે એ કહેવું મુશ્કેલ છે. જીવન અને મૃત્યુ એક કુદરતનો ક્રમ છે. જીવન એવું જીવી ગયા કે સૌના દિલમાં વસી ગયા.હરપલ તામારી હાજરીનો આભાસ લાગ્યા કરે છે. અમારી યાદોમાં તમારાં પ્રત્યક્ષ દર્શન થયા કરે છે. પ્રભુ દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી હૃદયથી પ્રાર્થના.
ઈન્દ્રવદન જે. શેતરંજીવાલા
અલ્પેશ આઈ. શેતરંજીવાલા (પુત્ર) - લીના અલ્પેશ શેતરંજીવાલા (પુત્રવધુ)
ઝંખના (ચુની) ચેતન દેસાઈ (પુત્રી) - ચેતન કાંતિલાલ દેસાઈ (જમાઈ)
હેતલ (રીન્કુ) ધર્મેશકુમાર રૂપારેલીયા (પુત્રી) - ધર્મેશ કિશોરભાઈ રૂપારેલીયા (જમાઈ)
ખુશાલી અને પાર્થકુમાર મંદિરવાલા । હર્ષ અને મેઘા દેસાઈ (USA)
નિષ્ઠા - ધ્યાનમ
જય શ્રી કૃષ્ણ

પાંચમી પુણ્યતિથિએ હૃદયપૂર્વક શ્રધ્ધાંજલિ



સ્વ. એડવોકેટ શ્રી જયંતિલાલ રણછોડદાસ ગાંધી (જે.આર.)
સ્વ. તા. ૦૮/૦૪/૨૦૨૧
સ્નેહ, સરળ તેમજ અર્થસભર જીવનથી ઘર પરિવાર અને સમાજને પ્રેમ અને પુરૂષાર્થથી મહેકતા કરી પથદર્શક બન્યા.
લિ. ગં.સ્વ. મિનાક્ષી જયંતિલાલ ગાંધી
જતિન જયંતિલાલ ગાંધી (એડવોકેટ) દર્શના જતિન ગાંધી
ઉમંગ જતિન ગાંધી (એડવોકેટ) માલ્વિકા ઉમંગ ગાંધી
ભાર્ગવ જતિન ગાંધી હિરલ ભાર્ગવ ગાંધી
કવિર ઉમંગ ગાંધી
ગં.સ્વ. સુનિતા ભરતભાઈ કાબરાવાલા

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફિક્સ્ડ સાઇઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઇઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. નલીનીબેન કાંતિલાલ ચોખાવાલા
સ્વ. તા.૦૮-૦૪-૨૦૨૫
એક વર્ષ વિતી ગયું, પણ દરેક પળમાં તમે સાથ આપો છો એવું લાગે છે. તમારું જીવન - અમારું ગૌરવ, તમારું સ્મરણ - અમારૂ શકિત સ્ત્રોત છે.
લિ. K G traveller's
શ્રીમતી જાગૃતિ પ્રજ્ઞેશભાઈ નાણાવટી (પુત્રી)
પ્રજ્ઞેશભાઈ પ્રવીણચંદ્ર નાણાવટી (જમાઈ)
જય - વેલ્સી
સમસ્ત ચોખાવાલા પરિવાર

૨૫મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. બચુભાઈ છીમાભાઈ પટેલ
સ્વ. તા. ૦૮/૦૪/૨૦૦૧
પરોપકારી, લાગણી સેતુસમ, અમારા પરિવારના આધારસ્તંભ સમા આપની વસમી વિદાયને ૨૫ વર્ષ વીતી ગયા છે. આપના સંસ્કાર, આપની લાગણી હર હંમેશા અમ સૌના હૃદયમાં જીવંત છે અને રહેશે. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના......
લિ. ગં.સ્વ. ભાનુબેન બચુભાઈ પટેલ (પત્ની)
નરસિંહભાઈ છીમાભાઈ પટેલ | રેવાબેન નરસિંહભાઈ પટેલ
પરષોત્તમભાઈ છીમાભાઈ પટેલ | પુષ્પાબેન પરષોત્તમભાઈ પટેલ
અતુલભાઈ નરસિંહભાઈ પટેલ | હેતલ અતુલભાઈ પટેલ
હિતેશભાઈ પરષોત્તમભાઈ પટેલ | ચૈતાલી હિતેશભાઈ પટેલ
નિરજભાઈ પરષોત્તમભાઈ પટેલ | રૈના નિરજભાઈ પટેલ
રોહન અતુલભાઈ પટેલ | હની રોહનભાઈ પટેલ
ખુશ્બુ અતુલ પટેલ
રોહન ઈલેક્ટ્રીકલ તથા સમસ્ત પરિવાર

દુઃખદ અવસાન - બેસણું



સ્વ. બ્રિજેશભાઈ જશવંતભાઈ પટેલ
જન્મ : ૧૫/૬/૭૮
સ્વર્ગવાસ : ૫/૪/૨૬
દિલગીરી સહ જણાવવાનું કે અમારા પુત્ર શ્રી બ્રિજેશભાઈ જશવંતભાઈ પટેલ તા. ૫/૪/૨૬ ને રવિવાર ચૈત્ર વદ ચોથ ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ એમના દિવ્ય આત્માને ચીરઃશાંતિ અર્પે એજ પ્રાર્થના. સદ્‌ગતનું બેસણું તા. ૯/૪/૨૬ ને ગુરુવાર ના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન રાખેલ છે.
લિ. જશવંતભાઈ પ્રેમાભાઈ પટેલ તથા સમસ્ત પરિવાર.
સ્થળ :- ૧૨૨, નિશાળ ફળિયું, પાલનપોર ગામ, સુરત સિટી